**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# મે ની 22મી સુધી સિટી ઓફ બ્રૅમ્પટન ઉજવશે નૅશ્નલ પબ્લિક વર્ક્સ સપ્તાહ

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (17 મે 2021) – આજે બ્રૅમ્પટન ખાતે, સિટી આરંભે છે નૅશ્નલ પબ્લિક વર્ક્સ સપ્તાહ (NPWW)ની ઉજવણી જેથી એવા પુરુષો અને મહિલાઓની કદર કરીને તેમની સમાજને સ્વચ્છ, સુરક્ષિત અને ગતિમાન રાખવામાં તેમની ભૂમિકાનો ઋણ સ્વીકાર કરી શકાય.

લગભગ 700 જેટલા કર્મચારીઓ પબ્લિક વર્ક્સ એન્ડ એન્જીનિયરિંગ ટીમના ભાગ છે જે બાંધકામ અને જાળવણી સહિત ફ્રન્ટ લાઇન પર અતિ મહત્ત્વપૂર્ણ અને અનિવાર્ય કાર્યો કરતા આવ્યા છે જેથી ફુટપાથ, માર્ગો અને પુલો અનિવાર્ય પ્રવાસ માટે સલામત રહે, સિગ્નલો અને સ્ટ્રીટલાઇટોનું વ્યવસ્થાપન થઈ શકે, વસંત ઋતુની સફાઇ થાય છે, બરફ હટાવવાની કામગીરી થાય છે, કૅચ બેસિનની સફાઇ થાય છે, માર્ગો સાફ રહે છે અને આવી બીજી કેટલીયે પ્રવૃત્તિઓ થાય છે.

COVID-19 પહેલા, સીટી ઓફ બ્રૅમ્પટને જાગરૂકતા ઊભી કરીને NPWWની ઉજવણી કરી હતી કે પબ્લિક વર્ક્સ સેવાઓ કેવી રીતે રોજેરોજ આખા સપ્તાહમાં થતી પ્રવૃત્તિઓ મારફતે સમાજને પ્રભાવિત કરે છે. આ વર્ષે રૂબરૂ ઈવેન્ટ્સ તો નથી પરંતુ એક NPWW બાળકો માટેની રંગકામ કરવાની શીટ છે જેમાં રંગ પૂરી શકાય અને ફોટો પાડીને સોશ્યલ મિડિયા પર પોસ્ટ કરી શકાશે. વધુ માહિતી માટે રહેવાસીઓ બ્રૅમ્પટનના પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટમાં કામ કરતા હોય તેમની સ્ટાફ વિડિયો આખા સપ્તાહ દરમિયાન Twitter, Facebook અને Instagram પર જોઈ શકશે અથવા www.brampton.ca ની મુલાકાત લઈ શકશે.

**સુવાક્યો**

"નૅશ્નલ પબ્લિક વર્ક્સ સપ્તાહ જાહેર જનતાને આપણા રોજિંદા જીવનમાં પબ્લિક વર્ક્સ જે ભૂમિકા ભજવે છે તેનાથી અવગત કરવાની તક છે. આયોજન કરવાથી માંડીને બાંધકામ કરવું, વ્યવસ્થાપન કરવું અને જાળવણી કરવી – આપણા પબ્લિક વર્ક્સ વ્યવસાયિકો મહત્ત્વપૂર્ણ કાર્યોમાં સહાય કરે છે જે આપણા હરિત, અને નિરોગી તથા સુરક્ષિત સમુદાયનું હાર્દ છે."

- *પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

"આ વર્ષની થીમ છે ભેગા રહીશું મજબૂત રહીશું (Stronger Together). છેલ્લા વર્ષ દરમિયાન, આપણી પબ્લિક વર્ક્સ ટીમે સ્થિતિસ્થાપકતા દર્શાવી છે અને તેમણે પરિવર્તનને અપનાવીને સેવાના સ્તરો જાળવવા માટે તનતોડ મહેનત કરી છે જેથી આપણા સમુદાયનું આરોગ્ય અને સલામતી સુનિશ્ચિત કરી શકાય."

- *પૉલ વિસેન્ટ, રીજનલ કાઉન્સિલર , વૉર્ડ 1અને 5; પબ્લિક વર્ક્સ એન્ડ એન્જિનિયરિંગ, સિટી ઓફ બ્રૅમ્પટનના પ્રમુખ*

"પબ્લિક વર્ક્સના વ્યવસાયિકો અતિમહત્ત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સવલતો અને સેવાઓમાં સહાયતા આપે છે અને જાળવે છે જે સ્થિતિસ્થાપક અને ટકાઉ સમુદાયો માટે, સાર્વજનિક આરોગ્ય માટે અને બ્રૅમ્પટનના નિવાસીઓની સુખાકારી અને ઉચ્ચતમ જીવન ગુણવત્તા માટે અનિવાર્ય છે. આ સપ્તાહમાં અને દર સપ્તાહે અમે અમારી ટીમની કદર કરીશું અને તેમનો આભાર માનીશું જેઓ બ્રૅમ્પટનને સ્વાસ્થ્યપ્રદ અને સલામત રાખવામાં પોતાનું યોગદાન આપે છે."

- *ડેવિડ બારિક, ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર (David Barrick, Chief Administrative Officer), સિટી ઓફ બ્રૅમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક** :
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca